# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) અમદાવાદ વિમાન દુર્ઘટનામાં કુલ પ્રવાસીઓનાં મૃત્યુઃ એક બ્રિટિશ 241 નાગરિકનો બચાવ
2) વિમાન દુર્ઘટના તપાસ બ્યૂરોએ એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસ શરૂ કરી
3) રશિયા, અમેરિકાનાં પ્રમુખ સહિત વિશ્વભરના નેતાઓએ વિમાન દુર્ઘટના અંગે શોકની લાગણી વ્યક્ત કરી
4) લોસ એન્જલસમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને સાવચેતી રાખવા અપીલ કરી
5) ભારતીય નિશાનેબાઝ સિફ્ત કૌર સમરાએ જર્મનીમાં ISSF વિશ્વ કપમાં 50 મીટર રાઇફલ થ્રી પોઝિશનમાં કાંસ્યચંદ્રક જીત્યો

**************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. AIR INDIA CRASH-1

અમદાવાદમાં એર ઇન્ડિયાના વિમાન દુર્ઘટનાની ઔપચારિક તપાસ વિમાન અકસ્માત તપાસ સંસ્થાએ શરૂ કરી છે. દરમ્યાન એર ઇન્ડિયાએ પુષ્ટિ આપી છે કે અમદાવાદથી લંડન જઈ રહેલા વિમાન દુર્ઘટનામાં 241 લોકોના મોત થયા છે. અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યા બાદ ગઈકાલે બપોરે પોણા બે વાગ્યે વિમાન ક્રેશ થયું હતું. વિમાનમાં 242 મુસાફરો પૈકી 169 ભારતીય, 53 બ્રિટનના, પોર્ટુગલના સાત અને કેનેડાનો એક વ્યક્તિ હતો. આ ઉપરાંત, બે પાઇલટ અને દસ ક્રૂ સભ્યો હતા. મૃતકોમાં ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા વિજય રૂપાણીનો પણ સમાવેશ થાય છે. રમેશ વિશ્વામસ કુમારનો આ અકસ્માતમાં આબાદ બચાવ થયો.

વિમાન ઉત્પાદક કંપની બોઇંગે કહ્યું છે કે તે એર ઇન્ડિયાના સંપર્કમાં છે અને કોઈપણ પ્રકારની સહાય પૂરી પાડવા માટે તૈયાર છે. ક્રેશ થયેલ બોઇંગ 787-8 ડ્રીમલાઇનર વિમાન 2014 માં એર ઇન્ડિયાને સોંપવામાં આવ્યું હતું. ગઈકાલે આ વિમાન દુર્ઘટના બાદ બોઇંગના શેરમાં ચાર ટકાથી વધુનો ઘટાડો થયો હતો.

ટાટા ગ્રુપના ચેરમેન એન. ચંદ્રશેખરને દરેક મૃતકના પરિવારને કંપની તરફથી એક કરોડ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે ટાટા ગ્રુપ ઇજાગ્રસ્તોની યોગ્ય  સારવાર સુનિશ્ચિત કરશે અને સારવારનો ખર્ચ ઉઠાવશે. તેમણે કહ્યું કે ટાટા ગ્રુપ બીજે મેડિકલ  કોલેજના ક્ષતિગ્રસ્ત હોસ્ટેલના સ્થાને એક નવી હોસ્ટેલ બનાવવામાં પણ મદદ કરશે....`1

# REV. AIR INDIA CRASH-2

ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે અમદાવાદમાં અકસ્માત સ્થળની મુલાકાત લીધી હતી. તેમણે નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરવા માટે બેઠક યોજી હતી. બેઠક બાદ શ્રી શાહે પત્રકારોને જણાવ્યું હતું કે આખો દેશ આ અકસ્માતથી આઘાતમાં છે અને મૃતકોના પરિવાર સાથે છે.

(બાઇટ – અમિત શાહ)

ગૃહમંત્રીએ અમદાવાદ સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. તેઓ ડોક્ટરોને મળ્યા હતા અને તબીબી વ્યવસ્થાઓની પણ સમીક્ષા કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NAIDU-CRASH INVESTIGATION

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું છે કે અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાની તપાસ વિમાન અકસ્માત તપાસ સંસ્થાએ શરૂ કરી દીધી છે. આ તપાસ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન દ્વારા નિર્ધારિત આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર કરવામાં આવશે.

શ્રી નાયડુએ કહ્યું કે સરકાર આ બાબતની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવી રહી છે. આ સમિતિમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોનો સમાવેશ થશે. આ સમિતિ ઉડ્ડયન સુરક્ષાને મજબૂત બનાવવા અને ભવિષ્યમાં આવા અકસ્માતોને રોકવા માટેના પગલાં પર વિચાર વિમર્શ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WORLD LEADERS CONDOLENCES

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અસરગ્રસ્તો માટે વિશ્વભરના નેતાઓ સંવેદના વ્યક્ત કરી રહ્યા છે. રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને આ દુ:ખદ ઘટના અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને શોક સંદેશ મોકલ્યો છે. માલદીવના રાષ્ટ્રપ્રમુખ મોહમ્મદ મુઇઝુએ પણ દુ:ખ વ્યક્ત કર્યું. તેમણે જણાવ્યું, તેઓ ભારત સરકાર અને ભારતના લોકો સાથે છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે આ દુર્ઘટનાને ઈતિહાસની સૌથી મોટી દુર્ઘટનાઓમાંથી એક ગણાવી. તેમણે કહ્યું, અમેરિકા ભારતને તમામ પ્રકારની મદદ પહોંચાડવા તૈયાર છે.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું. તેમણે સોશિયલ મીડિયા પર જણાવ્યું, અસરગ્રસ્ત તમામ લોકોના પરિવારજનો પ્રત્યે તેમની સંવેદના છે.

કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્નીએ કહ્યું, તેમનો દેશ આ અકસ્માતથી ઘણો દુ:ખી છે. તેમણે કહ્યું, કેનેડાના અધિકારીઓ આ દુર્ઘટનાને પગલે તેમના સમકક્ષો સાથે નજીકના સંપર્કમાં છે. તો યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સકીએ પણ સોશિયલ મીડિયા સંદેશમાં આ અકસ્માત અંગે ઊંડી સંવેદના વ્યક્ત કરી. યુરોપિયન સંઘનાં પ્રમુખ ઉર્સુલા વૉન ડૅર લેયેને પણ અકસ્માત અંગે દુ:ખ વ્યક્ત કર્યું અને કહ્યું, તેઓ આ દુ:ખની ઘડીમાં ભારતના લોકોની સાથે છે.

બ્રિટૅનના પ્રધાનમંત્રી કિર સ્ટાર્મરે દુર્ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, ઘણા બ્રિટિશ નાગરિકોને લઈ જતા વિમાનનો અકસ્માત દુ:ખદ છે. તેમણે કહ્યું, આવા સમયે તેમની સંવેદના મૃતકો, ઈજાગ્રસ્તો અને તેમના પરિવાર સાથે છે. ઉપરાંત ઑસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બૅનીઝ, ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં, સિંગાપોરના પ્રધાનમંત્રી લૉરેન્સ વૉન્ગ સહિત અનેક નેતાઓએ વિમાન દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે.. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો

……………………………………………………………

# MEA - BRIEFING - LOS ANGELES

અમેરિકાના લોસ એન્જલસમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે વિદેશ મંત્રાલયે ભારતીય નાગરિકોને યોગ્ય સાવચેતી રાખવા અપીલ કરી છે. લોસ એન્જલસની પરિસ્થિતિ અંગે પૂછાયેલ પ્રશ્નના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ભારત વિદેશમાં રહેતા ભારતીય નાગરિકોની સલામતી અને સુખાકારીને પ્રાથમિકતા આપે છે. તેમણે કહ્યું કે લોસ એન્જલસમાં મોટી સંખ્યામાં ભારતીયો છે. શ્રી જયસ્વાલે કહ્યું કે સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીય કોન્સ્યુલેટ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને ભારતીય સમુદાય સાથે સંપર્કમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD – WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી કર્ણાટક, કેરળ, માહે, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કોંકણ, ગોવા અને મહારાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આ રાજ્યોમાં કેટલાક સ્થળોએ 60 થી સિત્તેર કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. દેશના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં આગામી બે-ત્રણ દિવસ સુધી મધ્યમથી ભારે વરસાદ ચાલુ રહેશે.

દરમિયાન, દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં ગરમીનું મોજું યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે આગામી 24 કલાક દરમિયાન દિલ્હી, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના કેટલાક સ્થળોએ રાત્રે તીવ્ર ગરમીની આગાહી કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISSF WORLD CUP

ભારતીય નિશાનેબાઝ સિફ્ત કૌર સમરાએ ગઈકાલે જર્મનીના મ્યુનિકમાં ISSF વિશ્વ કપ 2025માં મહિલા 50 મીટર રાઇફલ થ્રી પોઝિશનમાં કાંસ્યચંદ્રક જીત્યો હતો. 23 વર્ષીય સિફ્ત ફાઇનલમાં 453.1 ના સ્કોર સાથે ત્રીજા સ્થાને રહી હતી.

નોર્વેની જેનેટ હૈગ ડ્યુસ્ટાડે 466.9 પોઈન્ટ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો, જ્યારે સ્વિટ્ઝર્લૅન્ડની એમિલી જગ્ગીએ 464.8 પોઈન્ટ સાથે રજત ચંદ્રક જીત્યો હતો.

મ્યુનિક વિશ્વ કપમાં આ ભારતનો બીજો મેડલ છે. અગાઉ, એલ્વેનિલ વાલારિવને મહિલા 10 મીટર એર રાઇફલ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આ વખતે 78 દેશોના લગભગ સાતસો શૂટર્સ ત્રીજા વિશ્વ કપ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

ગઈકાલે અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઇન્ડિયની ફ્લાઇટ દુર્ઘટનાનાં સમાચાર આજનાં તમામ દૈનિકોમાં આઠ કોલમની તસવીરો સાથે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

ગુજરાત સમાચારની  હેડલાઇન છે- ઉડતું મોત આવ્યું, 241 પ્રવાસી ભડથું

સંદેશનું શિર્ષક છે- અમદાવાદમાં પ્લેન ક્રેશઃ 290નાં મોત

દિવ્યભાસ્કરનું શિર્ષક છે- દેશ પર દર્દનું આભ ફાટ્યું- સૌથી વધુ ચરોતરનાં 50, વડોદરાનાં 31, અમદાવાદનાં 10, દીવનાં 14 યાત્રીનાં મોત

રાજસ્થાન પત્રિકાએ લખ્યું છે- બર્ડ સ્ટ્રાઇક કી આશંકાઃ પક્ષી બનકર આયે યમરાજ.

ફુલછાબનું હેડીંગ છે-એક ઘાત, ત્રણ આઘાત

નવ ગુજરાત સમય પ્રથમ પાને લખે છે, વર્ષ 1988 પછી અમદાવાદમાં બીજી ભીષણ વિમાન દુર્ઘટના, બંનેમાં રન-વે 23નું કનેક્શન

ટાઇમ્સ ઓફ ઇન્ડિયાનું હેડીંગ છે- ડ્રીમલાઇનર નાઇટમેર કિલ્સ ટુ ફોર્ટી ફાઇવ. સ્થાનિક સમચારમાં સંદેશ લખે છે  - અમદાવાદમાં પ્લેન ક્રેશ થય્ ત્યારે કેન્ટીનમાં જમતા ચાર મેડિકલ સ્ટુડન્ટ અને એક ન્યુરો સર્જનની પત્નીનું મૃત્યુ નીપજ્યું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .